GJBK120008292022

## મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. અમીરગઢ.

**ક્રિ.કેસ નં.૬૪૫/૨૦૨૨**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– મગાભાઈ બધાભાઈ પરમાર,
રહે. ઈશારીયા, તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા.

**ગુનો :– <u>પ્રોહી. એકટની કલમ ૬૫ એ.એ. મુજબ...</u>**

**–: ઠ રા વ :–**

૧. ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે કોઈપણ પ્રકારના પાસ પરમીટ વગર પોતાના કબજામાં પ્રતિબંધક મંદૃામાલ રાખી પકડાઈ જતા આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એકટની કલમ ૬૫(એ)(એ) અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો નોંધી તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુનાની તપાસ કરી અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાત્રી કરેલ છે. આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે અને કબુલાત પુરસીસ રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. આરોપીએ સદરહું ગુનાના કામે અદાલયદા કબુલાત પુરસીસ આપી તેમાં જાહેર કરેલ છે કે, તેઓનો પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે. તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી. જેથી તેઓ પોતાનું તેમજ કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે હાલનોગુનો થઈ ગયેલ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે અને હવે પછી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો આચરશુે નહી તેવું જણાવેલ છે અને કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્રમાફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

૪. તમામ રેકર્ડ પરની હકીકતો લક્ષમાં લેતાં તથા પ્રવર્તમાન કાનૂની પ્રબંધો ધ્યાને લેતાં આ કામના આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા કે જે સરકારશ્રી ધ્વારા નિર્ધારીત કરવામાં આવેલ ન્યુનત્તમ માત્રાથી પણ ઓછી માત્રા છે. વધુમાં આરોપી વિરૂધ્ધ જે શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની શિક્ષાની જોગવાઈ ધ્યાને લેતાં કલમ ૬૫(એ)(એ) માં દરેક ગુનાની માટેની સજા ત્રણ વર્ષ લંબાવી શકાય અને તે સાથે દંડ કરી શકાય તે મુજબની છે. આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાની હકીકત તથા કેસના સંજોગો અને કબુલાત પુરસીસથી આરોપીએ રજુ કરેલ કબુલાતનામાની હકીકત ધ્યાને લેતા તથા તેની સાથે સાથે અદાલત સમક્ષ અન્ય પેન્ડીંગ કેસોની સંખ્યા ધ્યાને લેતાં સદર ગુનાના કામે જો આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો તે કાર્યવાહી માટે હાલના કામના ફરીયાદી કે જેઓ સરકારી અમલદાર છે. તેવી જ રીતે સરકારી સાહેદો, પંચો અને સરકારી અધિકારી ત.ક.અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાન કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્ર માણ લક્ષમાં લેતાં ટુંક સમયમાં હાલમાં ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવાની સંભાવના શકય નથી. વધુમાં ધી પ્રોહીબીશન એકટ અન્વયેના કેસોમાં ભુતકાળમાં સાબિત થયેલ કેસોની સંખ્યા અને સજાનું પ્ર માણ ધ્યાને લેતા તે ઘણુ ઓછુ છે. વધુમાં આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલના અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે છે. તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો

કબુલે છે. ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોય તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય અને તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર જી.એલ.આર.૨૦૦૫(૧)જી.એલ.આર.૭૦૯ ના ચૂકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતા ઓછી સતા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુના બદલ રૂા.૧૦૦/-(અંકે રૂપિયા એક સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ, આજ રોજ સ્પેશીયલ સીટીંગ (નેશનલ લોક અદાલત)માં જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩ (એસ.જી.પરમાર)
મુ.અમીરગઢ. જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ,
અમીરગઢ
યુનિક કોડ નં.જીજે.૦૧૧૪૬